**મુસ્લિમ હોવાની સુંદરતા ત્યારે જ જાહેર થશે જ્યારે તે ઈમાનમાં મજબૂત હોય અને ઈસ્લામની હકીકત સમજતો હોય. ઈમાન એ છે કે પોતાને સંપૂર્ણ રીતે ખુદાતઆલાને સોંપી દે અને તેની આજ્ઞા પાલન કરતો હોય અને ઈસ્લામ એ છે કે અલ્લાહ તઆલાના હુકમો પર ધ્યાન રાખતા પોતાને પણ દરેક ઉપદ્રવથી બચાવી રાખે અને બીજા લોકો માટે પણ સલામતીના ઉપાય કરે.**

*ખુલાસા ખુત્બા જુમ્મા સૈયદના હઝરત અકદસ અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ અલ ખામિસ ઐયદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા. ૧૧ સપ્ટેમ્બર ૨૦૧૫, સ્થળ : મસ્જીદ બૈતુલ ફુતુહ-લંડન*

તશહુદ તઆઉઝ અને સુરેહ ફાતેહાની તિલાવત બાદ હઝુર અનવર ઐયદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ એ ફરમાવ્યુ.

એક વ્યકિત જે મુસ્લિમ હોવાનો દાવો કરે છે તેના મુસ્લિમ હોવાની સુંદરતા ત્યારેજ જાહેર થશે જ્યારે તે ઈમાનમાં મજબૂત હોય અને ઈસ્લામની હકીકત સમજતો હોય ઈમાન એ છે કે પોતાને સંપૂર્ણ રીતે ખુદાતઆલાને સોંપી દે અને તેની આજ્ઞા પાલન કરતો હોય અને ઈસ્લામ એ છે કે અલ્લાહ તઆલાના હુકમો પર ધ્યાન રાખતા પોતાને પણ દરેક ઉપદ્રવથી બચાવે અને બીજા લોકો માટે પણ સલામતીના ઉપાય કરે. આમ ઈમાન અને ઈસ્લામનો આ સાંરાશ છે. જો મુસ્લિમ દુનિયા આ વાતને સમજી જાય તો દુનિયામાં સ્થાયી અમન અને સલામતી કાયમ કરવાની અને ફૈલાવવાના એવા દ્રશ્યો જોવા મળશે જે દુનિયાને જન્નત બનાવી દેશે.

આ યુગમાં આ વાસ્તવિક ઈમાન દિલોમાં કાયમ કરવા માટે અને વાસ્તવિક ઈસ્લામના નમૂનાઓ દેખાડવા માટે અલ્લાહ તઆલાએ હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ને મોકલ્યા અને આપને માન્યા પછી આ જ આપણી જીમ્મેદારી છે કે વાસ્તવિક ઈમાન કાયમ કરીએ અને ઈસ્લામનો ખરો નમૂનો બતાવતા આ કાર્યમાં આપના મદદગાર બનીએ દુનિયાને ઈમાનની હકીકત બતાવીએ અને સલામતી ફેલાવનાર બનીએ. અલ્લાહ તઆલાના ફઝલથી જમાઅત અહેમદીયા પોતાના નિઝામ પ્રમાણે આ કાર્ય દુનિયામાં કરી રહી છે. પ્રત્યેક અહેમદીનું કર્તવ્ય છે કે તે પોતાને ઈસ્લામી શિક્ષણનો નમૂનો બનાવે જેથી આપણાંમાંથી પ્રત્યેક પોતાની જીમ્મેદારી અદા કરનાર બને પરંતુ આજકાલ મુસ્લિમ દુનિયામાં દુર્ભાગ્યથી જે ફસાદ ચાલે છે તેણે ઈસ્લામને બદનામ કર્યો છે. ખુદા કરે કે મુસ્લિમ દેશો આ વાતને સમજે કે તેમના પોતાના સ્વાર્થથી ઈસ્લામને કેટલું નુકશાન પહોંચ્યુ છે. અને ઉગ્રવાદી સંસ્થાઓ પણ આજ કારણે ઉભરી છે કે દરેક સ્તર પર સ્વાર્થ તેજી પકડી રહ્યો છે. દેશોમાં અમન બરબાદ થઈ રહ્યો છે. તે ન પોતે અમનમાં છે અને ન બીજાને સલામતી પહોંચાડી રહ્યા છે. ન સરકાર પ્રજા સાથે ન્યાય કરે છે ન પ્રજા સરકારના હક અદા કરે છે. હઝરત મસીહ મૌઉદ (અ.સ.) એ એક સ્થાને આ બન્નેની અસંતુલિતતાનું વર્ણન કરતા ફરમાવ્યું જ્યાં સુધી આ બન્ને પાસા (સરકાર તથા પ્રજાના કર્તવ્યો) સંતુલિત ચાલે છે. ત્યાં સુધી તે દેશમાં અમન રહે છે અને જ્યારે કોઈ અસંતુલિતતા પ્રજા તરફથી અથવા બાદશાહ તરફથી જાહેર થાય તો દેશમાંથી અમન ખતમ થઈ જાય છે.

બદનસીબીથી આપણે આજે ઘણાં બધા મુસ્લિમ દેશોમાં જોઈ રહ્યા છે અને પછી ઈસ્લામ વિરોધીઓ પણ આનાથી પોતાના સ્વાર્થ મેળવી રહ્યાં છે. એક બાજુ તો બંન્નેને ઝઘડા વધારવામાં મદદ કરવામાં આવે છે અને બીજી બાજુ ઉગ્રવાદી

સંસ્થાની કાર્યવાહીને ખ્યાતિ આપીને પ્રેસ તથા મિડીયા ખુબ કવરેજ આપે છે અને આ કવરેજ આપીને ઈસ્લામને બદનામ કરવામાં આવે છે. મેં અમુક ઈન્ટરવ્યુ જે મિડીયાને આપ્યા છે તેમાં એક વાત આ પણ તેમને કહી કે ઈસ્લામ વિરૂધ્ધ નફરત ફેલાવવાની અને તેને ઉગ્રવાદ તથા આંતકવાદી ધર્મ તરીકે પેશ કરવામાં તમારો પણ હાથ છે. મિડીયા ન્યાયથી કાર્ય નથી કરતું કોઈ સમુદાય અથવા દેશના શાસકો જે પાતોને મુસ્લિમ કહે છે રાજકીય મહત્વાકાંક્ષાઓને તમે ધર્મનું નામ આપીને પછી ઈસ્લામી શિક્ષણને બદનામ કરો છો. અને પછી એટલી ખ્યાતિ આપો છો કે તમોએ દુનિયામાં વસવાટ કરનાર લોકોના ઈસ્લામ વિશે વિચાર જ બદલી નાંખ્યા છે અથવા જે ઈસ્લામને જાણે છે તેમના મગજમાં ઈસ્લામનો એવો અનુધ્યાન પૈદા કરી દીધો છે કે તેમના ચેહરા ઈસ્લામનું નામ સાંભળીને જ પરિવર્તિત થઈ જાય છે. અને જ્યાં તમારા પોતાના લાભો હોય ત્યાં સમચારો બદલી પણ નાંખો છો. હજારો લાખો મુસ્લિમો જે અમનની વાત કરે છે તેમની ચર્ચા મિડીયા નથી કરતી અથવા તેમને તે સ્વીકૃતિ નથી મળતી જે નકારાત્મક વલણ દેખાડનારને મળે છે અને સૌથી આગળતો જમાઅત અહેમદીયા છે જે મહોબ્બત, પ્રેમથી ઈસ્લામી શિક્ષણ ફેલાવે છે અને તમામ દુનિયામાં એક લગનથી આ કાર્યમાં પરોવાયેલી છે. જેના પરિણામે અમનના ઝંડાઓ નીચે શાંતિ તથા સલામતી ફેલાવવા માટે લાખો લોકો પ્રતિ વર્ષ જમાઅતમાં દાખલ થાય છે. તેમના વિશે અમે કહીયે છે તો પણ બીલકુલ ધ્યાન નથી આપતા. અત્રે હું એવા જ લોકોના ઉદાહરણો પેશ કરુ છુ જેમણે જમાઅત અહેમદીયા દ્વારા ઈસ્લામનો વાસ્તવિક ચહેરો જોયો અને તેમના દિલો પર અસર થયું. તેમાં ગૈર મુસ્લિમ તથા મુસ્લિમ પણ સામેલ છે અને ઘણાં એવા છે જેમણે ઈસ્લામનો સુંદર ચેહરો જોઈને ઈસ્લામ કબૂલ કરી લીધો છે અને ઈસ્લામના સુંદર શિક્ષણની દુનિયાને જરૂર છે તેમ વ્યકત પણ કર્યુ. મિડીયાએ ઈસ્લામ વિશે નકારાત્મક અસર આપીને આપણાં વિચારો પર તાળા નાંખી દીધા હતા. જમાઅત અહેમદીયાએ ફરીથી તેમની આ ખોટી સૌંચને દુર કરી છે. બેનીનના અપાસ્ટલીક ચર્ચના પાદરીએ મસ્જિદના ઉદઘાટન પર આ વાત વ્યકત કરી કે આજનો દિવસ મારા જીવનનો એક અનોખો દિવસ છે. આજે મુસ્લિમ અને ખ્રિસ્તી એક સ્થાને બેઠા છે. નિઃસંદેહ કે જમાઅત અહેમદીયાએ આપણને એકત્ર કર્યા છે હું અહેમદીયાને સલામ પેશ કરૂ છુ. પછી ન્યાયપૂર્ણ રાજકારણીઓ જે છે તેમના પર પણ જમાઅતના તે કાર્યોનો ખુબ અસર છે. અહિંયા જલસાના દિવસોમાં પણ આપની સામે અમૂકોએ જાહેર કર્યુ હશે. દુનિયાના દરેક સ્થાને અલ્લાહ તઆલાના ફઝલથી જમાઅત અહેમદીયા જે ઈસ્લામી શિક્ષણ પેશ કરે છે અને જે કાર્ય કરે છે જે અમલી છબી છે તેની દુનિયામાં પ્રસંશા કરવામાં આવે છે. જમાઅતની સેવા લોકો પસંદ કરે છે અને જાહેર પણ કરે છે કે કેવી સુંદર શિક્ષા છે. બેનીનના મિનીસ્ટર ઓફ ટ્રાન્સપોર્ટ કહે છે કે અહેમદીયત દ્વારા ઈન્સાની સેવાઓ જે બેનીનમાં છે અને અમન તથા પ્રેમનો પ્રયત્ન જમાઅત અહેમદીયાએ કર્યા છે તે બેનીન દેશમાં પ્રથમ સ્થાને છે. હું અમન તથા પ્રેમની ખોજમાં અહેમદીયતની સેવાઓને સલામ કરૂ છું.

કબાબીરના મિશનરી લખે છે કે થોડાક દિવસો પહેલા અમારી મસ્જિદની સામે એક યહૂદી શિક્ષક શાળાના બાળકોને લઈને જમાઅતનો પરિચય કરાવી રહ્યો હતો તે શિક્ષક કદાચ અરબી પણ જાણતો હતો. અમારી મસ્જિદના દરવાજા ઉપર લખ્યુ છે કે વમન દખલહુ કાના આમીનન તે શિક્ષક તેનો શબ્દોમાં અનુવાદ કરીને બાળકોને સમજાવી રહ્યો હતો કે આયતનું અનુવાદ છે કે જે આમાં દાખલ થશે તે અમનમાં રહેશે. કહે છેકે આ વાક્યનો અમલી નમૂનો માત્ર અહેમદીઓની મસ્જિદમાં

જ જોવા મળશે. પછી અલ્લાહ તઆલા કેવી રીતે લોકોનું ધ્યાન જમાઅત તરફ ખેંચે છે. મોચુ નામનું એક સ્થાન છે બેનીનમાં જ્યાં બધા મુશરેકીન આબાદ છે. આપણાં મિશનરી ત્યાં તબલીગ માટે ગયા. જમાઅતનો પરિચય કરાવ્યા પછી તેમણે કહ્યું કે જો કોઈના મનમાં કોઈ પ્રશ્ન હોય તો જાહેર કરે જેથી એક બુઝુર્ગ એ કહ્યું જ્યારે મેં આપનું ભાષણ સાંભળ્યું તો મારી ઈસ્લામ વિશે તમામ શંકાઓ દુર થઈ ગઈ અને હું પ્રથમ વ્યકિત છું જે ઈસ્લામ અને અહેમદીયતને કબૂલ કરૂ છુ. તે મુશરીકોમાંથી તે ગામના ૪૦ વ્યકિતઓ ઈસ્લામ અહેમદીયતમાં દાખલ થયા અને અહિંયા એક નવી જમાઅત કાયમ થઈ ગઈ. પ્રથમ પરિવર્તન તેમનામાં એ થયુ કે રસમ રિવાજોને તરત જ છોડી દીધા પછી એક દિવસ કહેવા લાગ્યા કે અહેમદી થયા પછી મારા શરીરમાં એક નવી રૂહ આવી ગઈ છે. હું જ્યાં પણ છું મારી રૂહ મારા દિલને જગાવે છે અને કહે છે કે નમાઝનો સમય થઈ ગયો. તો આ નિયમિતતા તે લોકોમાં નમાઝ માટે પણ પેદા થઈ ચૂકી છે અને કહે છે આ રીતે મારી રૂહને શાંતિ અને શરીરને આરામ મળે છે. માટે આપણાંમાંથી પણ જે નમાઝોમાં આળસું છે તેમણે યાદ રાખવું જોઈએ કે નવા અહેમદીઓ ઈબાદત તરફ પણ રૂચિ નાખનાર છે અને નમાઝો ખૂબ ધ્યાનપૂર્વક પઢે છે.

આજે ઈસ્લામનું વાસ્તવિક શિક્ષણ હઝરત મસીહ મૌઉદ (અ.સ.) દ્ધારા જ દુનિયામાં પહોંચી શકે છે. કેવી રીતે અલ્લાહ તઆલા હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ના સંદેશને દુનિયામાં પહોચાડી રહ્યો છે અને કેવી રીતે લોકોમાં અસર થાય છે. એક ઘટના પેશ કરૂ છુ. ગિની કુનાકરીનો છે ત્યાં મોજુદ એક અહેમદી મિત્ર અબુ બકર સાહેબએ પ્રચાર કરવાનું આયોજન ગોઠવ્યુ તેઓ કહે છે કે અમોએ હઝરત મસીહ મૌઉદ (અ.સ.) નો પૈગામ તે લોકો સુધી પહોચાડ્યું હજુ પ્રચાર ચાલુ હતો કે ત્યાં એક મૌલ્વી આવી ગયો ઉપદ્રવ ફેલાવા માટે. થોડાક સમય સુધી ચુપચાપ સાંભળતો રહ્યો ત્યાર પછી ખુબ ગુસ્સામાં કહ્યું કે તમને અહિંયા પ્રચાર કરવાની પરવાનગી નથી અને હું તમને પોલીસ દ્ધારા હમણાં અહિંયા બંધ કરાવુ છું. ત્યાના નવજુવાન ઉભા થઈ ગયા અને મૌલ્વીને ખુબ ગુસ્સાથી કહ્યું તુ તો હમણાં સુધી અમોને કુમાર્ગ તરફ દોરતો આવ્યો છે માટે તરત જ અહિંથી ચાલ્યો જા. આમ તે મૌલ્વી શરમિંદા થઈને ચાલ્યો ગયો. અને તેના કારણે ત્યાં જે સભા ભરાઈ હતી ૧૫ વ્યકિત જમાઅતમાં દાખલ થયા.

પછી ગીની કુનાકરીની જ એક ઘટના છે કે જ્યારે અમોએ હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ના આગમનનો હેતુ બયાન કર્યુ અને આપના આગમન વિશે જણાવ્યું અને આ પણ જણાવ્યું કે આંહઝરત (સ.અ.વ.) એ ભવિષ્યવાણી કરી હતી કે છેલ્લા જમાનાની આ નિશાનીઓ હશે અને તેમાં મસીહ મૌઉદ પ્રગટ થશે તો આ અસાધારણ વાતનો લોકો ઉપર અસર થયો સ્થાનિક મિશનરીએ તબલીગ ચાલુ રાખી અને કહે છે અલ્લાહ તઆલાના ફઝલથી એક સપ્તાહમાં ન માત્ર તે ગામના ઈમામ અને મસ્જિદ સહિત અહેમદીયતમાં દાખલ થયા બલ્કે આસપાસનાં પાંચ ગામ બૈઅત કરીને અહેમદીયત અર્થાથ વાસ્તવિક ઈસ્લામમાં દાખલ થઈ ચૂક્યા છે અને હજી કાર્ય ચાલુ છે વારંવાર અમને સંદેશાઓ મળી રહ્યા છે કે લોકો બેચેંનીથી વાસ્તવિક ઈસ્લામમાં દાખલ થવા માટે તૈયાર છે.

આફ્રિકામાં એક સ્થાને બુક સમારોહ રાખવામાં આવ્યું. કુરઆન કરીમનુ પ્રદર્શન હતુ. બે મુસ્લિમ નવજુવાન આવ્યા તેમને જ્યારે અહેમદીયતનો પરિચય કરાવ્યો અને જણાવ્યું કે ઈમામ મહેદી (અ.સ.) નું આગમન થઈ ગયું છે અને તેમને ફ્રેંચ

ભાષામાં પુસ્તક સદાકત મસીહ મૌઉદ વાંચવા માટે આપી અને આંહઝરત (સ.અ.વ.) ની છેલ્લા યુગ વિશે જે મુસ્લિમોની હાલત છે તે હદીસો પેશ કરી અને મસીહના આગમનનું વર્ણન કર્યું. અહેમદીયત અર્થાથ વાસ્તવિક ઈસ્લામ વિશે જણાવ્યું અર્થાત તે વાસ્તવિક ઈસ્લામ જે આંહઝરત (સ.અ.વ.) લાવ્યા હતા. આજે તો મુસ્લિમોએ તેનો ચહેરો બગાડી નાંખ્યો છે કે ઈસ્લામ શું છે જેમાં પ્રેમ છે, અમન છે અને સુલેહની તાલીમ છે જેથી તે બંન્ને નવજુવાન કહેવા લાગ્યા કે અમે અકીદા પ્રમાણે મુસ્લિમ તો જરૂર છીએ પરંતુ મુસ્લિમોના અપરાધ અને આંતકવાદથી એટલા તંગ આવી ગયા છીએ કે અમે તો ખ્રિસ્તી થઈ જવાના હતા પરંતુ હવે જમાઅત અહેમદીયાની વાતો સાંભળીને સંતોષ થયો છે કે ઈસ્લામ એવો નથી જેવુ કે મુલ્લાઓ પેશ કરે છૈ. તેમણે અમારો આભાર માન્યો કે આપે અમને ખ્રિસ્તી બનવાથી બચાવી લીધા. ઈસ્લામ છોડવાથી બચાવી લીધા.

ગૈર મુસ્લિમોના દિલોમાં પણ વાસ્તવિક ઈસ્લામ જોઈને આ પૈંગામને ફૈલાવવાનો શોખ પૈદા થાય છે. તે પણ અમારો સાથ આપવા લાગે છે. જાપાનના મુબલીગ લખે છે કે એક બુધ્ધિસ્ટ જાપાની અમારા સ્ટોલ પર આવ્યા જ્યારે તેમને ઈસ્લામનો પરિચય કરાવ્યો અને બીજા ધર્મો વિશે ઈસ્લામી શિક્ષણના નમૂનાઓ કુરઆન કરીમની આયતોથી બતાવ્યા તો તેમણે ન માત્ર અમારો આભાર માન્યો બલ્કે કહેવા લાગ્યા કે આ સુંદર તાલીમ દુનિયા પર જાહેર કરવાને લાયક છે અને ઈસ્લામ વિશે ગલતફહેમીને દુર કરવામાં આવે અને એક દિવસ તેઓ અમારા સ્ટોલ પર આવ્યા અને સવારે ૧૦ વાગ્યાથી સાંજના ૪ વાગ્યા સુધી એક બુધ્ધિસ્ટ હોવા છતાં પણ બુલંદ અવાજથી આ ઐલાન કરતા રહ્યાં કે ઈસ્લામ અમનનો ધર્મ છૈ અને ફોલ્ડર વહેચતા રહ્યાં. તેવી જ રીતે કર્ણાટક ભારતમાં એક સ્થાન છે ગીર્ગમાં એક બુકસ્ટોલ લગાવ્યું હતુ. તે બુકસ્ટોલ પર એક ગૈર મુસ્લિમ મિત્ર આવ્યા અને પછી કહેવા લાગ્યા કે મેં ઘણાં બધા બુકસ્ટોલ જોયા છે પરંતુ અમન શાંતિનો સંદેશ આપનાર અને ઈસ્લામની સુંદર તાલીમ લોકો સુધી પહોચાડનાર આવા લોકો મેં આજ સુધી નથી જોયા તે ખુબ પ્રભાવિત થયા અને અમારા સ્ટોલથી ઘણી બધી પુસ્તકો ખરીદીને લઈ ગયા.

લગઝિમ બર્ગ શહેરમાં પ્રદર્શનના અવસર પર જમાઅત તરફથી બુકસ્ટોલનું આયોજન કર્યું. પ્રદર્શનના મોકા પર શહેરના મેયર પણ સ્ટેન્ડ પર આવ્યા અને અનેક પુસ્તકો જોઈ ત્યાર પછી લગઝિમ બર્ગ જમાઅતના સદરએ જમાઅતનો ટૂંકમાં પરિચય કરાવ્યો તેમને એક પુસ્તક પણ ભેટમાં આપી જેથી મેયરે કહ્યું કે આપની જમાઅત ખુબ સારૂ કાર્ય કરી રહી છે તમારે તો ઈસ્લામની આ સુંદર તાલીમને દુનિયામાં જલ્દી થી જલ્દી ફેલાવવી જોઈએ.

અમીર સાહેબ હોલેન્ડે લખ્યુ છે કે હોલેન્ડના એક ડચ મુસ્લિમ બિલાલ સાહેબ મુસ્લિમોની હાલત જોઈને ખુબ દુઃખી થયા હતા કહે છે કે હું જમાઅત અહેમદીયાની તાલીમથી ખુબ પ્રભાવિત થયો છુ. અલ્લાહ તઆલાએ મારા પર અહેમદીયતની સચ્ચાઈ જાહેર કરી અને મને બૈઅત કરવાની તૌફીક મળી. હવે હું જમાઅતના પ્રોગ્રામોમાં સામેલ થાઉં છુ અને રૂહાની તૌર પર ઉન્નતિ મહેસૂસ કરૂ છુ. જે પહેલા બેચેની હતી તે પણ દુર થઈ રહી છે. પછી કુરઆન કરીમની તાલીમનો ગૈરો ઉપર કેવી રીતે અસર થાય છે એ પણ છે. કેનેડાથી અમારા એક મિત્ર લખે છે કે અમોએ એક તબલીગી બુકસ્ટોલ લગાવ્યું. એક અંગ્રેજ પતિ-પત્નિ અમારા બુસસ્ટોલ પર આવ્યા. પત્નિ ચુસ્ત ખ્રિસ્તી હતી તે આ વાત પર હઠમાં હતી કે કુરઆન શરીફ નથી ખરીદવું. પતિને કહેતી રહી તે સાહેબ કહેવા લાગ્યા કે કુરઆન કરીમની કોઈ એવી વાત જણાવો કે કુરઆન કરીમ લેવા માટે રાજી થઈ

જાય. તો કહે છે કે મેં તેમને કહ્યું કે કુરઆન મજીદમાં એક સુરત છે જેનું નામ હઝરત ઈસા (અ.સ.) અને તેમની માતા હઝરત મરિયમ (અ) નું વર્ણન છે. તેમના વિશે એવી વિગગવાર વર્ણન છે કે આપને બાઈબલમાં ન મળશે અને તે પેજ કાઢીને તેમની સામે મૂકી દીધું. અનુવાદ હતુ તેમની પત્ની વાંચવા લાગી થોંડાક ક્ષણો સુધી વાંચતી રહી પછી કહેવા લાગી કે ખરેખર ખૂબ દિલચસ્પ પુસ્તક છે. અમોને તો પ્રેસ, મિડીયા, અખબારે બતાવ્યું છે કે કુરઆન નફરતથી ભરેલું છે. પરંતુ આમાં તો ઈસા (અ.સ.) અને તેમની માતાનું પ્રેમપૂર્વક વર્ણન કરવામાં આવ્યુ છે આમ તેમણે કુરઆન કરીમ ખરીદી લીધુ. એકાદ સપ્તાહ પછી તેઓ ફરીથી સ્ટોલ પાસેથી ગુજરયા તો આભાર વ્યકત કરતા કહેવા લાગ્યા કે અમોએ કુરઆન કરીમ પઢ્યું છે. મિડીયામાં ઈસ્લામ અને હઝરત મુહમ્મદ રસૂલુલ્લાહ (સ.અ.વ.) વિશે જે નફરત ફૈલાવવામાં આવે છે જો કોઈ કુરઆન કરીમ પઢે અથવા તેના પર સામાન્ય નજર જ નાંખી લે તો તેની તમામ ગલતફહેમીઓનું સમાધાન થઈ જાય છે.

બેનીનમાં એક બુક સમારોહના અવસર પર ગર્વમેન્ટ સ્કૂલના શિક્ષક આવ્યા અને જમાઅતની પ્રેમ તથા અમનની તાલીમ વાંચી તો કહેવા લાગ્યા કે મને મારા વિદ્યાર્થીઓ માટે પણ પત્રિકાઓ આપો. હું ચાહું છું કે તે પણ આ પત્રિકા વાંચે જેથી સમાજ અમન અને પ્રેમથી ભરાઈ જાય. નેક સ્વભાવ મુસ્લિમો પર પણ જમાઅત અહેમદીયાના નિઝામ જોઈને જે બિલકુલ ઈસ્લામી નિઝામ છે પ્રભાવ પડે છે. અને પછી આ વાતો તેમની હિદાયત (શિખામણ) નું મુળ કારણ બની જાય છે. બરકિના ફાસોના મુરબ્બી કહે છે કે એક સ્થાન છે સિલાગોગો ત્યાં તબ્લીગ માટે ગયા તો તમામ પુરૂષ-સ્ત્રીઓ પ્રચાર સાંભળવા માટે એકત્ર થઈ ગયા. કહે છે કે એક મિત્ર ઝકરીયા સાહેબ આવ્યા અને કહેવા લાગ્યા કે મેં થોડા સમય પહેલા એક સ્વપનું જોયુ હતુ કે હું ચંદો આપી રહ્યો છું અને એક અવાજ આવે છે કે ચંદો એવા ઈસ્લામી ગ્રુપને આપો જેનું એક બૈતુલમાલ હોય. હું કયારનોય આ ઈસ્લામી ગ્રુપને શોધી રહ્યો હતો પરંતુ જ્યારે મુરબ્બી સાહેબે જમાઅતના ધન વ્યવસ્થા વિશે જણાવ્યું તો મને તે શબ્દોનું વિવરણ મળી ગયુ જે મેં સ્વપનમાં સાંભળ્યા હતા. આમ તેઓએ તે જ સમયે ૧૦,૦૦૦ ફ્રાંક સેફા કાઢીને અદા કરી દીધા. જ્યારે લોકોએ આ સ્વપન વિશે સાંભળ્યું અને જોયુ કે નિયમ અનુસાર ચંદાની એક રસીદ બુક હોય છે જેના પર આખુ રેકોર્ડ રાખવામાં આવે છે તો ખુબ પ્રભાવિત થયા અલ્લાહ તઆલાના ફઝલથી ત્યાર પછી તે ગામના ૨૮૨ લોકોએ બૈઅત કરી લીધી અને નિયમ અનુસાર આ બધા લોકો જમાઅતના ચંદાના નિઝામમાં સામેલ છે.

ગોયટેમાલામાં ફલાયર વહેચતાં દરમ્યાન એક નવજુવાન યુસુફથી મુલાકત થઈ મિશન હાઉસ આવ્યા. અહેમદીયત કબૂલ કરી. તેમણે થોડાક સમય પહેલાં ઈસ્લામ કબૂલ કર્યુ હતુ. કહે છે કે બીજી જમાઅતોની મસ્જિદમાં જઈને દિલમાં સંતોષ ન મળ્યો. લોકો આપસમાં એક બીજાથી અદાવત રાખે છે. એક દિવસ જ્યારે હું દુઆ કરીને સુઈ ગયો તો સ્વપનમાં એક બુઝુર્ગને જોયા જે ખુબ રૂહાની ચહેરાનો માલિક હતો. એક માર્ગ છે જેના પર રાખ જ રાખ છે આ બુઝુર્ગ મારી સામે ચાલવા લાગે છે અને ઈશારો કરે છે કે મારી પાછળ ચાલો તે બુઝુર્ગને ચાલવાથી રાખવાળો માર્ગ સાફ જતો થઈ રહ્યો છે. હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ની ફોટો દેખાડી તો તેમણે કહ્યું કે આ જ તે બુઝુર્ગ છે જે તેમને સ્વપનમાં માર્ગ દેખાડતા હતા અને અલ્લાહ તઆલાના ફઝલથી આ વાતે તેમને ઈમાનમાં વધારે મજબુત કરી દીધા.

ફ્રાંસના અમીર સાહેબ લખે છે કે એક નૌમુબાઈન મિત્ર કમાલ સાહેબએ જણાવ્યું કે હું ઘણા વર્ષોથી પરંપરાગત

મુસ્લિમ હતો અને ઉલ્મા તરફથી કુરઆન કરીમની જે વ્યાખ્યાઓ થતી હતી તેના પર સંતુષ્ટ ન હતો. કહે છે કે તેમના બનેવીએ જમાઅત અહેમદીઆનું વર્ણન કર્યુ અને હઝરત ખલિફતુલ મસીહ દ્વિતીય (રઝી) ની કુરઆની વ્યાખ્યા પઢવાનું કહ્યું. મેં જ્યારે વ્યાખ્યા પઢી તો હું હેરાન રહી ગયો કે એટલુ સ્વચ્છ અને ઉજ્જવળ ૧૪૦૦ વર્ષમાં કોઈ બીજાએ કેમ ન લખી. ત્યાર પછી એમ.ટી.એ. અને ઈન્ટરનેટમાં હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ની ઘણી બધી પુસ્તકો વાંચી અને અનેક પ્રોગ્રામો જોયા મને એવુ લાગ્યું કે મારા હાથમાં કોઈ ખજાનો આવી ગયો છે અને મારી રૂહને આઝાદી મળી ગઈ છે મારા તમામ વહેમ દુર થઈ ગયા અને વાસ્તવિક ઈસ્લામને ઓળખી લીધો અને બૈઅત કરી લીધી.

દુનિયાના અનેક ભાગોમાં જ્યારે જમાઅત દ્વારા ઈસ્લામનો પૈગામ પહોંચે છે જે પ્રેમ અને અમન તથા સલામતિનો પૈગામ છે તો નેક સ્વભાવ લોકો તેને કબૂલ કરે છે. ગોચટેમાલાના મુબલ્લીંગ ઈન્ચાર્જ સાહેબ લખે છે કે પત્રિકાઓને વહેંચવાના કારણે ૯૧ લોકોને ઈસ્લામ કબૂલ કરવાની તોફિક મળી. અહેમદીયત કબૂલ કરનારમાં એક ખ્રિસ્તી છે જે ૩૩ વર્ષ સુધી કેથોલીક ચર્ચ અને ૫ વર્ષ પ્રોટીસ્ટેન્ટ ફિર્કામાં સામેલ રહ્યા. તેવી જ રીતે એક બીજા સાહેબ છે જે મ્યુનિસિપાલટીમાં જર્જ તરીકે ફરજ બજાવે છે ડોમંગો સાહેબ. તેમણે અહેમદીયત કબૂલ કર્યા પછી પોતાના વિસ્તારમાં એક પ્રચાર કરવાનું આયોજન ગોઠવ્યુ. જેમાં વિગવતવાર ઈસ્લામી શિક્ષણ બયાન કર્યુ. સવાલ-જવાબ થયા. કહે છે આ સભા સાત કલાક સુધી ચાલુ રહી. સભા ખતમ થવા પહેલા હાજર લોકોમાંથી ઈસ્લામ કબૂલ કરવાનો એૈલાન કર્યો જેમની સંખ્યા ૮૯ હતી.

આમ આ છોડ ઈસ્લામનો છોડ છે. અલ્લાહ તઆલા તરફથી લગાવેલ છોડ છે અને આ યુગમાં આંહઝરત (સ.અ.વ.) ની ભવિષ્યવાણી પ્રમાણે તેની સિંચાઈ માટે તેણે હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ને મોકલ્યા છે. અને કયામત સુધી આંહઝરત (સ.અ.વ.) થી ફૈઝ મેળવતા આપના ફૈઝના કારણે અલ્લાહ તઆલા તેને પાણી આપતો રહેશે. ઈન્શા અલ્લાહ તઆલા. અને હંમેશા આ છોડ ઈન્શા અલ્લાહ લીલું છમ રહેશે. દુનિયાને અલ્લાહ તઆલાની ખુશી પ્રમાણે ચલાવવા માટે અને સલામતી તથા પ્રેમ ફેલાવવા માટે આ અમુક ઘટનાઓ મે પૈશ કરી. હજારો ઘટનાઓ છે જે આપણા ઈમાનને શકિત આપે છે. કેવી રીતે અલ્લાહ તઆલા લોકોના સીના ખોલે છે. કેવી રીતે ગૈરોના મોંઢાથી આપણા હકમાં વાતો કાઢે છે. કોઈ આફ્રિકાનો રહેવાસી છે તો કોઈ અરબનો, કોઈ યુરોપનો, કોઈ દક્ષિણ આફ્રિકાનો પરંતુ પ્રભાવ બધા ઉપર સરખો જ છે કેમકે આંતરરાષ્ટ્રીય શિક્ષણ માત્ર એક જ છે અને તે ઈસ્લામી શિક્ષણ છે. પ્રત્યેક ન્યાયપૂર્ણ ચાહે તે તરત ઈસ્લામ કબૂલ કરે અથવા ન કરે પરંતુ આ વાત કહેવાથી મજબૂર છે કે દુનિયાના અમનની ઈસ્લામ જ જીમ્મેદાર છે. કોઈ ન્યાયપૂર્ણ વ્યકિત સ્વાર્થી મુસ્લિમ નેતાઓ અથવા ઝઘડાખોર સંસ્થાઓના અમલને ઈસ્લામનો ભાગ નથી માનતા તે જે તેને કહેશે જેમાં ન્યાય નથી. ઈસ્લામ વિરોધી તાકાતો ચાહે જેટલા પણ ઈસ્લામ વિશે નકારાત્મક કાવતરા કરે પરંતુ ઈસ્લામે જ દુનિયાને અલ્લાહ તઆલાની નિકટ જવાના માર્ગો દેખાડવા છે અને અમન તથા સલામતી આપવી છે. આજે નહિ તો કાલે દુનિયાએ સ્વીકારવુ કરવુ પડશે કે ઈસ્લામ જ દુનિયાના અમન અને સલામતીની જીમ્મેદાર છે.

અલ્લાહ તઆલા આપણને પણ તોફિક આપે કે આપણે આ કામીયાબીના ભાગીદાર બનીએ અને અલ્લાહ તઆલાના ફઝલોને અધિક જોનાર બનીએ અને પોતાના અમલોને ઈસ્લામી તાલીમ પ્રમાણે ઢાળનાર બનીએ. આમીન.....

**Khulasa Khutba Jumma Huzoor Anwar 11th September 2015**

**BOOK POST (PRINTED MATTER)**

**To,** ________________________________________

________________________________________

**Ahmadiyya Muslim Community.**

**From : Office Masroor Manzil, Al-Aman Society, Narol, Ahmedabad-382405, Gujarat.**